# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ RSSના શતાબ્દી સમારોહમાં ભાગ લેતા કહ્યું કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દરેક સ્વયંસેવકના મનમાં રાષ્ટ્ર પ્રથમની ભાવના.**
2. **દેશના સંરક્ષણમંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ ગુજરાતના સરહદી વિસ્તાર કચ્છની મુલાકાતે આવશે.**
3. **મધ્ય ફિલિપાઇન્સમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 69 થયો.**
4. **ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે તેના GDP વૃદ્ધિ અંદાજોને સુધારીને 6.8 ટકા કર્યા.**
5. **રેપોરેટ યથાવત રાખવાની રિઝર્વ બેંકની જાહેરાત બાદ શેરબજારમાં તેજીનો માહોલ.**

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM- RSS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના દરેક સ્વંયસેવકના મનમાં રાષ્ટ્ર પ્રથમની ભાવના હોય છે.. આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)** ના શતાબ્દી સમારોહમાં ભાગ લીધો હતો. આ શતાબ્દી સમારોહ **RSS** ના વારસા, તેના સાંસ્કૃતિક યોગદાન અને દેશની એકતામાં તેની ભૂમિકાને પ્રદર્શિત કરે છે.

## બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી PM--RSS-NATION-FIRST

સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે **RSS** રાષ્ટ્રનિર્માણ માટે કાર્ય કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, **100** વર્ષ પહેલાં આ મહાન દિવસે એક સંગઠન તરીકે **RSS** ની સ્થાપના માત્ર એક સંયોગ નહોતો, પરંતુ તે હજારો વર્ષોથી ચાલી આવતી પરંપરાનું પુનરુત્થાન હતું.

## બાઇટ- નરેન્દ્ર મોદી, PM-MODI-RSS-CUT

પ્રધાનમંત્રીએ કહ્યું કે, **RSS** સ્વયંસેવકો રાષ્ટ્રની સેવા કરવા અને સમાજને સશક્ત બનાવવા માટે અથાક સમર્પિત રહ્યા છે. પ્રધાનમંત્રીએ યાદ કર્યું કે **RSS** સ્વયંસેવકોએ **1963** માં પ્રજાસત્તાક દિવસની પરેડમાં પણ ભાગ લીધો હતો અને ગર્વથી કૂચ કરી હતી. આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ રાષ્ટ્ર માટે **RSS** ના યોગદાનને પ્રકાશિત કરતી ખાસ ડિઝાઇન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો પણ પ્રસિધ્ધ કર્યો હતો.

શ્રી મોદીએ કહ્યું કે, આવતીકાલે વિજયાદશમી છે, જે એક એવો તહેવાર છે જે ખરાબ પર સારાના વિજય, અન્યાય પર ન્યાયનો વિજય , અસત્ય પર સત્યનો વિજય અને અંધકાર પર પ્રકાશનો વિજયનું પ્રતીક છે.

# RAJNATH SINGH GUJ VISIT

દેશના સંરક્ષણમંત્રી રાજનાથસિંહ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે આવી રહ્યા છે. બે દિવસનાં રોકાણ દરમિયાન સંરક્ષણમંત્રી ભુજમાં મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ અને લક્કીનાળાં ખાતે સુરક્ષા દળોની સંયુક્ત કવાયત, શસ્ત્ર પૂજા અને નવીન સુવિધાનાં લોકાર્પણમાં ઉપસ્થિત રહેશે.

સંરક્ષણ મંત્રી આજે સાંજે 7.30 કલાકે ભુજ મિલિટરી સ્ટેશન ખાતે સાંસ્કૃતિ કાર્યક્રમમાં હાજરી આપવા સાથે જવાનો સાથે સંવાદ કરશે. બીજી ઓક્ટોબરે શ્રી સિંહ લક્કીનાળાં મિલિટરી સ્ટેશન ખાતે મલ્ટિ એજન્સી સુરક્ષા કવાયત નિહાળશે સાથે જ શસ્ત્ર પૂજા કરશે. શ્રી સિંહના હસ્તે અહી વિવિધ નવિન સુવિધાનું લોકાર્પણ પણ કરાશે.. ઓપરેશન સિંદૂર બાદ જવાનોના જુસ્સાને બુલંદ કરવા સંરક્ષણ મંત્રી ગત મે માહિનામાં કચ્છ આવ્યા હતા. એ બાદ ચાર માસના ટૂંકાગાળામાં ફરી તેઓ સરહદી જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે.

## RAISING DAY-IDS

હેડક્વાર્ટર ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફ આજે તેના 25મા સ્થાપના દિવસની ઉજવણી કરી રહ્યું છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે હેડક્વાર્ટર ઇન્ટિગ્રેટેડ ડિફેન્સ સ્ટાફે નવા સંયુક્ત લશ્કરી માળખાના નિર્માણને ટેકો આપ્યો છે અને ઇન્ટિગ્રેટેડ થિયેટર-લેવલ મિકેનિઝમ્સ સ્થાપિત કરવાના હેતુથી પહેલમાં યોગદાન આપ્યું છે.

તેમાં ઉમેર્યું હતું કે આ સેવાએ સાયબર, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને અવકાશ જેવા ઉભરતા ક્ષેત્રોમાં દેશની તૈયારીઓને આગળ ધપાવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## J&K-TRAINS RESUME

ઉત્તરીય રેલ્વેએ આવતીકાલથી 8 તારીખ સુધી જમ્મુથી 16 ટ્રેનો ફરી શરૂ કરવાની જાહેરાત કરી છે. આ વર્ષે ઓગસ્ટમાં આવેલા વિનાશક પૂરને કારણે મુખ્ય રૂટ ખોરવાઈ ગયા બાદ ટ્રેન સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી.

ક્ષતિગ્રસ્ત પુલો પર મુખ્ય સમારકામનું કામ હવે પૂર્ણ થઈ ગયું છે , જેનાથી ટ્રેનોની સલામત અવરજવર શક્ય બની છે.

પુનઃસ્થાપિત કરવામાં આવી રહેલી સેવાઓમાં જમ્મુ તાવી-કાનપુર સેન્ટ્રલ, જમ્મુ તાવી-બરૌની અને જમ્મુ તાવી-ગુવાહાટી અમરનાથ , જમ્મુ તાવી-ગોરખપુર , જમ્મુ તાવી-યોગનગરી ઋષિકેશ , જમ્મુ તાવી-સીલદહ અને જમ્મુ તાવી-ભાગલપુરનો સમાવેશ થાય છે. આ લાંબા અંતરની ટ્રેનો ફરી શરૂ થવાથી મુસાફરીનો ધસારો ઓછો થશે અને રાજ્યોમાં તહેવાર સમયે મુસાફરીનું આયોજન કરી રહેલા મુસાફરોને મદદ મળશે.

# MANIPUR-MILITANT

મણિપુરમાં, સુરક્ષા દળોએ ગઈકાલે આતંકવાદી જૂથો સાથે સંકળાયેલા પાંચની ધરપકડ કરી છે. ઇમ્ફાલ પૂર્વ જિલ્લામાંથી પ્રતિબંધિત **RPF-PLA** સાથે જોડાયેલા એક અને **UPPK** ના બે કાર્યકરોની જ્યારે ઇમ્ફાલ પશ્ચિમમાંથી મૈતેઈ જૂથના એક અને **NRFM**ના એક કાર્યકરની ધરપકડ કરાઇ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઇમ્ફાલ પૂર્વ જિલ્લામાંથી સુરક્ષા દળોએ એક પિસ્તોલ સહિત શસ્ત્રો અને દારૂગોળો અને અન્ય ગુનાહિત વસ્તુઓ જપ્ત કરી હતી.

# PM MAHANAVMI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહા નવમી નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં , શ્રી મોદીએ આશા વ્યક્ત કરી છે કે નવરાત્રી દરેકના જીવનમાં સૌભાગ્ય, સમૃદ્ધિ અને સફળતા લાવશે.

# PHILIPPINES QUAKE

મધ્ય ફિલિપાઇન્સમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક વધીને 69 થયો છે. ફિલિપાઇન્સના નાગરિક સંરક્ષણ કાર્યાલયના જણાવ્યા અનુસાર , વહીવટીતંત્ર દ્વારા ગુમ થયેલા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે , અને તેમને એવા અહેવાલો મળી રહ્યા છે કે હજુ પણ લોકો કાટમાળમાં ફસાયેલા છે.

ગઈકાલે રાત્રે ફિલિપાઇન્સના મધ્ય વિસાયાસ ક્ષેત્રમાં આવેલા દરિયાકાંઠાના શહેર સેબુમાં 6.9 ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપને કારણે 150 થી વધુ લોકો ઘાયલ થયા

છે. મધ્ય ફિલિપાઇન્સના ઘણા પડોશી પ્રાંતો તેમજ દક્ષિણ ફિલિપાઇન્સના કેટલાક પ્રદેશોમાં પણ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

## FUR. REV. RBI-MONETARY POLICY

ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે તેના GDP વૃદ્ધિ અંદાજોને સુધારીને 6.8 ટકા કર્યા છે. તેણે ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાનો દર 2.6 ટકા રહેવાનો પણ અંદાજ મૂક્યો છે, જે તેના અગાઉના અંદાજ કરતા ઓછો છે.

આ વર્ષે ઓગસ્ટમાં , ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ 2025-26 માટે GDP વૃદ્ધિ 6.5 ટકા અને ફુગાવાનો દર 3.1 ટકા રહેવાનો અંદાજ લગાવ્યો હતો.

આ દરમિયાન , RBIએ વ્યાજ દરો યથાવત રાખ્યા છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે મુંબઈમાં ચાલુ નાણાકીય વર્ષ માટે ચોથી દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરી. શ્રી મલ્હોત્રાએ જણાવ્યું કે RBIએ તેનો રેપો રેટ 5.5 ટકા પર યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. તેમણે કહ્યું કે નાણાકીય નીતિ સમિતિ ( MPC) એ સર્વસંમતિથી પોલિસી રેપો રેટને યથાવત રાખવા માટે મતદાન કર્યું છે અને તટસ્થ વલણ ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.

RBI ગવર્નરે વિશ્વાસ વ્યક્ત કર્યો કે GST દર તર્કસંગત બનાવવાથી CPI બાસ્કેટમાં ઘણી વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે.

## STOCKS-1200

આજે ભારતીય શેરબજારમાં ઉછાળાનો માહોલ રહ્યો હતો.. સવારથી જ શેરબજારનો સેન્સેક્સ અને નિફ્ટીમાં તેજી રહી હતી. મીડિયા, ખાનગી બેંકના શેરોમાં લેવાલી રહી હતી.

અત્યાર સુધીમાં સેન્સેક્સ **640** પોઈન્ટ વધીને **80** હજાર **900**ની આસપાસ જ્યારે નિફ્ટી **170** પોઈન્ટ વધીને **24** હજાર **800**ની સપાટીની આસપાસ કારોબાર કરતો હતો..

## INDONESIA- BUILDING COLLAPSE

ઇન્ડોનેશિયામાં, એક શાળાની ઇમારત ધરાશાયી થયાના બે દિવસ બાદ પણ ઓછામાં ઓછા 91 વિદ્યાર્થીઓ કાટમાળમાં ફસાયેલા છે. આજે સવારે 300 થી વધુ બચાવ કાર્યકરો ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે સખત મહેનત કરી રહ્યા હોવાનું સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું.

સોમવારે,પૂર્વ જાવા પ્રાંતમાં ૧૦૦ વર્ષ જૂની અલ્ખોઝિની ઇસ્લામિક બોર્ડિંગ સ્કૂલની ઇમારત તૂટી પડી હતી. જેમાં 3 વિદ્યાર્થીના મોત અને ૧૦૦ ઇજાગ્રસ્ત થયા છે.બચાવકર્તાઓ કાટમાળ નીચે ફસાયેલા લોકોને જીવંત રાખવા માટે ઓક્સિજન , પાણી અને ખોરાક પહોંચાડી રહ્યા છે.

## IMD-WEATHER

હવામાન વિભાગે આજે ઉત્તર પૂર્વ ભારત , છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, ઓડિશા, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આજે બિહાર , ઉત્તર પ્રદેશ, ઝારખંડ, તેલંગાણા, પશ્ચિમ બંગાળ, આંદામાન અને નિકોબાર ટાપુઓ પર વીજળી અને તેજ પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે.

ગુજરાત, મધ્યપ્રદેશ, મરાઠવાડા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને વિદર્ભમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે.દરમિયાન, હવામાન વિભાગે માછીમારોને 5 ઓક્ટોબર સુધી અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં ન ખેડવાની સલાહ આપી છે.